ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 23rd March, 2019

પ્રતિ,

તંત્રી શ્રી,

.........................................................,

ભાવનગર.

ભાવનગરની ખગોળપ્રિય જનતાએ લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા આયોજિત
સુભાષપૂર્ણિમા કાર્યક્રમ અંતર્ગત ‘સુભાષ ૧૨’( ૧૨ ઇંચના ટેલીસ્કોપ) દ્વારા સુપર મૂનને નિહાળવાનો લહાવો માણ્યો.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવવા ૧૭ વર્ષથી વિવિધ દિવસોની ઉજવણી જેવા અનેક વિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.

આપણા ખગોળવિદ્યાના જ્ઞાતા એવા સ્વ. શ્રી સુભાષભાઈ મહેતાને શ્રદ્ધાંજલિ અર્પિત કરતી દરેક પૂર્ણિમા જે સુભાષ પૂર્ણિમા કાર્યક્રમ શીર્ષક સાર્થક કરતા લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર અંતર્ગત કાર્યરત એસ્ટ્રોનોમી ક્લબ દ્વારા બાપુ ખગોળ મેળાના અનુસંધાને તા.૨૧ માર્ચ, ૨૦૧૯ ગુરુવારના રોજ સાંજે ૦૭:૦૦ કલાક થી ૦૯:૩૦ કલાક સુધી તખ્તશ્વેર મંદિર, ભાવનગર ખાતે ચંદ્ર દર્શન કાર્યક્રમનું આયોજન થયેલ. જેમાં **ભાવનગર જીલ્લાનું બીજા ક્રમાંકે આવતું સૌથી મોટું ૧૨ ઇંચનું ટેલીસ્કોપ ‘સુભાષ ૧૨’ (ન્યુટોનિયન ટેલીસ્કોપ)** દ્વારા ભાવનગરની ખગોળપ્રેમી જનતાએ સુપર મૂન જોવાનો લ્હાવો મેળવ્યો હતો.

આ કાર્યક્રમ દરમિયાન લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના કૉ-ઓર્ડીનેટ શ્રી હર્ષદ ભાઈ જોષીએ આજના વિશેષ દિવસનું ખગોળીય મહત્વ સમજાવતા વર્ષમાં બે વાર બનતી ઘટના વસંત સંપાત દિવસ કે જે દરમિયાન દિવસ અને રાત સરખા થવાનું કારણ એ સમયે પૃથ્વી, સૂર્ય અને ચંદ્રના સ્થાન તથા ટેલિસ્કોપની રચના વિશે વિશેષ માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં ૧૦૦૦ થી વધુ ભાવેણાવાસીઓએ ખુબજ ઉત્સાહ સાથે સૌથી મોટા ટેલીસ્કોપ દ્વારા ફાગપૂર્ણિમાએ ચંદ્રદર્શન કર્યું હતું.તથા બ્રહ્માંડ વિશેની માહિતી મેળવી હતી.

23-3-19

(હર્ષદ જોષી)
કો-ઓરડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર



follow us on YouTube KRCSCBhavnagar
Also like our facebook Pages : krcscbhavnagarpage | EBCBhavnagar | CreativeCHEMISTRYClub | BACBhavnagar | bapukhagolmelaBhavnagar | VIPNETClubBhavnagarGJ0013 | BURDBhavnagar